EDII

Divyabhaskar (Suppl.: Citybhaskar)

June 20, 2024
Page No.7

### EDIIના 23મા કોન્વોકેશનમાં NSEના MD આશિષકુમારે જણાવ્યું કે

# ‘ટ્રેડિશનલ, મોડર્ન નોલેજ મેળવો, તો જ દેશમાં ડેવલપમેન્ટ કરી શકશો’



ગાંધીનગર: આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)નું 23મુ કોન્વોકેશન યોજાયું. જેમાં કુલ 78 સ્ટુડન્ટ્સને ડિપ્લોમા અને ફેલોની ડીગ્રી એનાયત કરાઈ. જેમાં 74 પોસ્ટ ગ્રેજ્યુએક્ટ ડિપ્લોમા અને 4 ફેલોનો સમાવેશ થાય છે. કોન્વોકેશનમાં ચીફ ગેસ્ટ તરીકે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)ના એમ.ડી. અને સીઈઓ આશિષકુમાર ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતાં.



## ફર્સ્ટ પર્સન

આશિષકુમાર ચૌહાણ, MD, NSE

આપણી સિવિલાઈઝેશન સૌથી જૂની છે. આપણે જનરેશન ટુ જનરેશન ટ્રેડિશનલ નોલેજ મેળવ્યું છે. તેથી હું સ્ટુડન્ટ્સને કહીશ કે, તમે મોડર્ન અને ટ્રેડિશનલ બંને નોલેજ મેળવો. હાલમાં ઈન્ટેલિજન્ટ, વેલ ક્વોલિફાઈડ અને પ્રોફેશનલી કમિટેડ આંત્રપ્રિન્યોર્સ દ્વારા જ દેશનું ડેવલપમેન્ટ થશે. આપણે જોબ ગિવર્સ બનવું જોઈએ નહીં કે, જોબ સિકર્સ. મોડર્ન એજ્યુકેશન અને મોડર્ન સોસાયટીને સ્ટુડન્ટસ પાસેથી ખૂબ અપેક્ષાઓ હોય છે. આપણને ઘણીવાર ચિંતા થાય છે અને સવાલો થાય છે કે, આપણને આ દુનિયા કેવી રીતે ટ્રીટ કરશે? હું ખૂબ પૈસા કમાઈશ કે નહીં, હું ફેમસ થઈશ કે નહીં, હું મારા પેરેન્ટ્સની અપેક્ષાઓને પૂર્ણ કરીશ કે નહીં, વગેરે. આવા પ્રકારના સવાલ આવવા નેચરલ છે. હું મારા અનુભવોથી કહું છું કે, તમે બીજા પ્રત્યે ગ્રેટફુલ રહો અને જ્ઞાન માટે હંમેશા ભૂખ્યા રહો. તે ઉપરાંત તમે જવાબદાર, જિજ્ઞાસુ, સંવેદનશીલ, હિંમતવાન, નૈતિક, દયાળું જેવા ભાવ સાથે આગળ વધશો તો જ, સક્સેસફૂલ થઈ શકશો.

## આંત્રપ્રિન્યોર્સ તરીકે ચિંતાઓ અને એન્ગ્ઝાયટી થતી હોય તો આ ગુણ વિકસાવો

▪ **જવાબદાર:** આપણને અનેકવાર કોઈ જવાબદારી લેવી નથી ગમતી, પરંતુ આંત્રપ્રિન્યોર્સ તરીકે રિસ્પોન્સિબલ થવું ખૂબ જરૂરી છે. ▪ **જિજ્ઞાસુ :** જીવનમાં ક્યુરિયસ રહેવું ખૂબ જરૂરી છે. જેનાથી સમગ્ર વિશ્વ એક્સપ્લોર કરી શકાય છે. ક્યુરિયસ એટિટ્યૂડના કારણે નવા બિઝનેસ આઈડિયા પણ આવે છે. ▪ **જ્ઞાન માટે હંમેશા ભૂખ:** નોલેજ માટે ક્યારેય સંતુષ્ટ ન થાઓ. તેનાથી ગોલ્સ અચિવ કરી શકશો. ▪ **હિંમતવાન:** જીવનમાં યોગ્ય સમયે હિંમતવાન થવું જરૂરી છે. જો તમે ફેલિયરથી મળેલી લર્નિંગને યાદ રાખશો તો, જરૂરથી સફળ થશો. ▪ **દયાળું:** આંત્રપ્રિન્યોર્સ તરીકે હમ્બલ રહેવું અતિ આવશ્યક છે. મેં જોયું છે કે, હોશિયાર લોકો દયાળું ન હોવાથી ફેલ થઈ જાય છે. ▪ **લીગલી કરેક્ટ:** હાલમાં ફક્ત એથિકલ હોવું પર્યાપ્ત નથી, તેની સાથે લીગલી કરેક્ટ હોવું પણ જરૂરી છે. ▪ **ધીરજવાન:** આંત્રપ્રિન્યોર્સ તરીકે તમારામાં પેશન્સ હોવું જરૂરી છે. પરંતુ તેની સાથે પેશનેટ હોવું તેટલું જ જરૂરી છે. ▪ **વેલ્યૂ એડિશન :** તમારામાં અને તમારા બિઝનેસમાં દરરોજ કોઈ નવી વેલ્યૂ એડ કરો. કોઈપણ નવી વસ્તુ શીખવા માટે મગજ હંમેશા ખુલ્લું રાખો.